COMMITMENT TO EXCELLENCE

# અંકુર

મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા










# અંકુર – વિકાસ યાત્રા



# વાર્ષિક અહેવાલ

## ૨૦૧૭–૨૦૧૮

# બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ




શ્રી અનંતરાય કે. શાહ
(બાબાભાઇ)
મેનેજીંગ ટ્રસ્ટી




શ્રી શશીકાન્તભાઇ આર. વાઘર
પ્રેસીડેન્ટ



શ્રી વિનોદરાય એન. હકાણી
વાઇસ પ્રેસીડેન્ટ



શ્રી રાજેશભાઇ એન. હકાણી
ટ્રસ્ટી



શ્રી પ્રકાશભાઇ એન. દેસાઇ
ટ્રસ્ટી



શ્રી અલ્પેશભાઇ કે. શેઠ
માનદ્ મંત્રી



શ્રી ઉદયભાઇ એચ. ભટ્ટ
ટ્રસ્ટી



શ્રી દેવેન્દ્રભાઇ આર. શેઠ
ટ્રસ્ટી


*Encouraging Leadership*

# વિકાસ યાત્રા

## વાર્ષિક અહેવાલ ૨૦૧૭ - ૨૦૧૮

COMMITMENT TO EXCELLENCE

# અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



| | | |
|---|---|---|
| માર્ગદર્શન | : | શ્રી વિનોદ હકાણી |
| સંપાદન | : | શ્રી આરીફ જેઠવા |
| સંકલન | : | શ્રી મેઘજીખાન સાયબાણી |
| | | શ્રી નેહલબેન ગઢવી |
| હિસાબી અહેવાલ | : | શ્રી વિનુભાઈ રાઠોડ |
| | | શ્રી પ્રમોદભાઈ ગાંધી |
| ટાઈપ સેટીંગ્ઝ/લે-આઉટ | : | શ્રી મયુર રાઠોડ |

## VISION:

To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative.

## MISSION:

To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs

## લીગલ સ્ટેટસ:-

- ટ્રસ્ટ રજી. નં. ઈ.૪૫૯ તા. ૨૫/૦૧/૧૯૮૦
- પી.ડબલ્યુ.ડી. એકટ ૧૯૯૫ રજી.નં. ૭૨/૯૭
- નેશનલ ટ્રસ્ટ રજી. નં. GANK/૧૫૫૧૦૪૬૬૨૪ તા. ૧૩/૦૨/૨૦૧૭
- ઇન્કમટેક્ષ PAN-AAATA2757Q
- ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ રજી. નં.૦૪૧૯૮૦૦૬૨ તા. ૨૭/૦૧/૨૦૦૯
  (સંસ્થા વિદેશી દાન માટે અધિકૃત છે)
- ડોનેશન ઈન્કમ ટેકસ એકટ સેકશન ૮૦-જી હેઠળ કરમુકત

**સંપર્ક**

**'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા**
**પ્લોટ નં.૧૯૪૫, વર્કીંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ,**
**ભાવનગર - ૩૬૪ ૦૦૨. (ગુજરાત - ભારત)**
**ફોન નં.: (૦૨૭૮) ૨૫૬૬૯૫૬ / ૨૫૭૩૦૩૮**
**શ્રી અલ્પેશભાઈ શેઠ (માનદ્ મંત્રી) મો. ૯૯૨૫૫૩૭૮૭૮** - alpesh7878@gmail.com
**શ્રી દેવલભાઈ શાહ (માનદ્ ટ્રેઝરર) મો. ૯૯૭૯૮૪૬૩૬૩** - devalshah231263@gmail.com

---

'Ankur' Special School for Mentally Retarded Children
Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956 / 2573038
Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. 9925537878 - alpesh7878@gmail.com
Shri Devalbhai Shah (Hon. Treasurer) Mo. 9979846363 - devalshah231263@gmail.com
E-mail: ankurmrschool.bvn@gmail.com
Visit us : www.ankurspecialschoolbhavnagar.org
http://www.facebook.com/ankurmrschool
YouTube https://www.youtube.com/watch?v=aKoSCNbF5TE

# પ્રાસ્તાવિક

## 'અંકુર'ની વિસ્તરતી ક્ષિતિજો...

પ્રિયજનો,

બોર્ડ ઓફ ટ્રસ્ટી વતી આપ સૌના અભિવાદન સાથે વર્ષ : ૨૦૧૭-૧૮નો અહેવાલ આપની સમક્ષ મુકતા મને આનંદ થાય છે.

કુદરતની કૃપાથી વંચિત મનોવિકલાંગ બાળકો મા-બાપ માટે આજીવન હૈયા સગડી જેવા હોય છે. મારી ગેરહયાતી પછી મારા બાળકનું શું થશે ? એ યક્ષ પ્રશ્ન એને સતાવતો હોય છે.

આવા સંતપ્ત અને ભગ્નહ્દય વાલીઓ માટે અંકુર એવો વિસામો છે જ્યાં હતભાગી બાળકો પામે છે - સ્વીકાર, હૂંફ અને આત્મસન્માન સાથે સ્વનિર્ભરતા તરફ લઈ જતી ઉત્કૃષ્ટ બહુ આયામી વૈજ્ઞાનિક તાલીમ !

**It is better to light a candle than to curse the darkness** એ વિચારને કેન્દ્રમાં રાખી બુધ્ધિમંદ બાળકોની 'મર્યાદા' નહિ પણ તેનામાં રહેલ સુષુપ્ત સંભાવનાના વિકાસ દ્વારા સુખના નકશા દોરવાનો અમારો પ્રયાસ છે.

વધતી જતી સંખ્યા અને સેવાઓના વિસ્તાર સાથે જગ્યાની મર્યાદા અમને મુંઝવતો પ્રશ્ન હતો. સંસ્થાના સૂત્રધાર માનનીયશ્રી પ્રકાશભાઈ દેસાઈ તથા કર્તા હર્તા સમાહર્તા સમા શ્રી બાબાભાઈના ઘનિષ્ઠ પ્રયાસોથી 'અંકુર'ની અપીલનો પડઘો પડયો અને **વરસાદથી ભીંજાયેલ ચહેરા પર પણ આંસુઓને ઓળખી લેનાર** શ્રેષ્ઠીવર્ય શ્રી કીર્તિભાઈ કાણકિયા દ્વારા 'અંકુર'ના વોકેશનલ સેન્ટર ના ડ્રીમ પ્રોજેકટ માટે રૂ.એક કરોડનું માતબર અનુદાન પ્રાપ્ત થયું. બાંધકામની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શેઠશ્રી કીર્તિભાઈનો આભાર...

માનનીય પ્રાઈમ મિનિસ્ટર શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિવ્યાંગો પ્રત્યેની સંવેદનાનો પરિચય થયો ઘોઘા દહેજ ફેરી સર્વિસના ઉદ્ઘાટનથી.

પ્રાઈમ મિનિસ્ટર સાથે આ રોમાંચક યાદગાર સફરમાં અંકુરના ૨૦ દિવ્યાંગોને સામેલ થવાનો અકલ્પનીય અવસર મળ્યો. અંકુરની સ્મૃતિ મંજુષામાં યાદોના આલ્બમમાં આ તવારીખ યાદગાર બની રહેશે.

પ્રિન્સીપાલશ્રી મેઘજીખાને ફરી એકવાર નાશિયોના આઉટ સ્ટેન્ડીંગ પ્રોફેશનલ સર્વિસ એવોર્ડ વિજેતા બની સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે.

RPD Act અને ઈન્કલ્યુઝનની નવી દિશામાં RCI માન્ય ક્રોસ ડિસેબિલીટીનો કોર્સ શરૂ કરી મેનપાવર ડેવલપમેન્ટની દિશામાં આપણે એક કદમ આગળ વધ્યા છીએ.

રાઈટ ટુ એજયુકેશન, રાઈટ ટુ ઈન્ફોર્મેશન, મહિલા કર્મચારીની જાતિય સતામણી અને બાળકોને લગતી ફરીયાદ માટે ખાસ સેલ વગેરે કાયદાકીય જોગવાઈઓનું સમાયોજન કરવામાં આવે છે.

મંદબુધ્ધિ બાળકોની સ્વીકૃતી, તેનુ સામાજિકરણ, લોક ભાગીદારી, અવેરનેસ, સંવેદના, આર્થિક સહયોગ, ઉપરાંત મનોદિવ્યાંગ બાળકોની જ્ઞાનવૃધ્ધિ તથા તેનામાં રહેલી ક્ષમતાનો પરિચય કરાવવાના અનેકવિધ હેતુથી સંસ્થામાં શ્રેણીબધ્ધ ફેસ્ટીવલ અને સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પ્રવાસના આયોજન સુંદર રીતે થાય છે.

આ વખતનો યશવંતરાય ઓડિટોરીયમમાં યોજાયેલ ભાતીગળ, રંગારંગ વાર્ષિકોત્સવ 'જીવનનો ધબકાર' અનેક રીતે અનોખો અને બે-મિસાલ રહયો.

આમંત્રિત મહાનુભાવો, વાલીઓ અને દર્શકોથી ખીચોખીચ હોલમાં બાળકોએ તેની અભિનય ક્ષમતા-પરફોર્મન્સ નું મંત્રમુગ્ધ કરતુ પ્રદર્શન કરી અદ્ભૂત રિસ્પોન્સ મેળવ્યો.

અપેક્ષાથી વધુ દાન અને પ્રોત્સાહનથી સમગ્ર કાર્યક્રમ ભવ્ય સફળતાને વર્યો. આ માટે અંકુરની સમગ્ર ટીમ અભિનંદનની અધિકારી છે.

સત્રને અંતે ડિઝની લેન્ડની મીની પ્રતિકૃતિસમા ઈમેજિકા-લોનાવાલાના સ્વર્ગીય પ્રવાસની બાળકોને એક વધુ ગીફ્ટ મળી

પ્રોજેક્ટ લીડર સુશ્રી નેહલબેન અને ઈન્સ્પીરેશનલ સ્પીકર શ્રી જય વસાવડાએ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ દ્વારા તેમની વિકલાંગો પ્રત્યે સામાજિક નિસ્બતનો પરિચય આપ્યો અને આ ડ્રીમ પ્રોજેક્ટ પણ અદ્વિતિય રહ્યો.

તમામ સ્ટાફ પરિવારે હાંસિયામાં જીવતા આ બાળકોની ખુબ કાળજી લીધી અને ઘરના કુટુંબીઓ પણ ખચકાય તેવી ભારે જવાબદારી સુંદર રીતે નિભાવી કર્તવ્યનિષ્ઠાનો પરિચય આપ્યો.

માનનીયશ્રી જયવસાવડા, પ્રિન્સીપાલ તથા અંકુર ટીમનું અભિવાદન અને અભિનંદન

ડ્રોપ આઉટ રેશિયો, કુપોષણ, વેલ્યુ એડેડ કવોલિટી એજયુકેશન, સ્ટાફ વેલ્ફેર માટે રોડમેપ-બેંચ માર્ક બાબત અમો સજાગ છીએ.

નવા ફલોરના બાંધકામ સાથે અમારી જવાબદારીઓ અને ચેલેન્જ પણ વધે છે. સુંદર કેમ્પસ માત્રથી આદર્શ શાળા બની જતી નથી.

બાળક શાળામાંથી ભાગીને ઘરે જવાને બદલે ઘરેથી ભાગીને શાળામાં આવે એ અમારું લક્ષ્ય છે.

મંદબુધ્ધિ બાળકોનું માત્ર ઉજ્જવળ ભવિષ્ય નહિ, પરંતુ ખુશહાલ સમૃધ્ધ વર્તમાન પણ અમારું ધ્યેય છે.

સંસ્થાના સર્વગ્રાહી વિકાસ માટે સ્માર્ટ કલાસ, ઈ-લર્નીંગ, સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપ, એમ્પાવરીંગ, જોબ પ્લેસમેન્ટ થકી બાળકો મહત્તમ સ્વનિર્ભર બને તે માટે અમે પ્રતિબધ્ધ છીએ.

શ્રી દેવલભાઈ શાહના ઘનિષ્ઠ પ્રયાસોથી PGVCL દ્વારા CSR હેઠળ અનુદાન પ્રાપ્ત થયુ અને 'અંકુર' વધુ સારી સેવા આપવા સક્ષમ બન્યુ.

'અંકુર'ની વિકાસ શ્રૃંખલાની મજબુત કડીઓ છે → ડાયનેમિક કોર્પોરેટ મેનેજમેન્ટ, પ્રતિભાસંપન્ન સમર્પિત સ્ટાફ પરિવાર, પી.એન.આર. સોસાયટી, અડીખમ સ્થંભ સમા 'મહર્ષિ' શ્રી નટવરભાઈ દેસાઈ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ, થીંક ટેન્ક શ્રી બાબાભાઈ, માનદ્મંત્રી શ્રી અલ્પેશભાઈ, શ્રી ડી. જે. ધંધુકિયા, શ્રી દેવલભાઈ, ઉદાર દિલ દાતાશ્રીઓ, વાલીઓ, દિવ્યાંગો પ્રત્યે સરકારશ્રીનો પોજીટીવ અભિગમ, મીડીયા અને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સંકળાયેલ અનેક દશ્ય-અદશ્ય હાથો...

મારા સૌ કેબિનેટ મેમ્બર્સ તથા ઉપરોકત તમામનો હું આભાર વ્યકત કરું છું.

અમારી પાસે લાંબી મુદતના વિશાળ લક્ષ્યો છે. માનસિક દિવ્યાંગોના ઉત્થાન અને સર્વગ્રાહી કલ્યાણ માટેના આ પારમાર્થિક યજ્ઞમાં જોડાવા સહુને નિમંત્રણ છે.

સંસ્થા પરિવારના વયોવૃધ્ધ ટ્રસ્ટી સ્વ.શ્રી અનંતરાય એચ. રાવળ તથા આદરણિય સ્વ.શ્રી પ્રમોદભાઈ હેમાણી CA ના દુઃખદ અવસાનથી સંસ્થા પરિવાર શોકની લાગણી અનુભવે છે અને ભાવાંજલિ પાઠવે છે.

અંતમાં આપના વિચારો-સુચનો પ્રતિભાવોને આવકારીએ છીએ.

| અલ્પેશ શેઠ | ડી. જે. ધંધુકિયા | વિનોદ એન. હકાણી |
|---|---|---|
| માનદ્ મંત્રી (એડમિન) | માનદ્ મંત્રી (એકેડેમિક) | વાઈસ પ્રેસિડેન્ટ |

***Quality is never an Accident. It is always result of Team work, Honest Intention, Sincere efforts, Intelligent Direction, Skillful Execution & Commitment.***

# માહિતી ક્રમ


| | | |
|---|---|---|
| ● | અંકુર... અમારી વાત | |
| ૧. | જનજાગૃતિ - વિવિધ થેરાપી | ૧૧ |
| ૨. | મિટીંગ્સ - AGM | ૧૪ |
| ૩. | પ્રસંગો, ઉત્સવો, પિકનિક, રમત-ગમત, સાંસ્કૃતિક, અન્ય | ૧૫ |
| ૪. | કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, કેમ્પ્સ, એજ્યુકેશનલ વિઝીટસ્, નોલેજ શેરીંગ | ૨૬ |
| ૫. | એડલ્ટ વોકેશનલ એન્ડ ઈન્ડીપેન્ડેન્ટ લીવીંગ સેન્ટર | ૩૦ |
| ૬. | નેશનલ ટ્રસ્ટ - ન્યુ દિલ્હી | ૩૧ |
| ૭. | ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ - લાઈબ્રેરી પબ્લિકેશન એન્ડ ઈન્ફર્મેશન | ૩૩ |
| ૮. | વિવિધ યોજનાઓ | ૩૫ |
| ૯. | માનવંતા મુલાકાતીઓ | ૩૭ |
| ૧૦. | ઋણ સ્વીકાર | ૩૮ |
| ૧૧. | પ્રિન્ટ મિડીયા કવરેજ | ૪૧ |
| ૧૨. | અન્ય ઉપયોગી માહિતી. | ૪૨ |
| ૧૩. | 'અંકુર' પરિવાર | ૪૪ |
| ● | દાનની અપીલ | ૪૭ |
| ● | સંસ્થાની જરૂરિયાત | ૪૮ |
| ● | આર્થિક અવલોકન | ૫૧ |




'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના અનન્ય,
અસામાન્ય, અલૌકિક બાળકો આપને આવકારે છે.




Ankur Special School for Mentally Retarded Children

# અંકુર... અમારી વાત...

'અંકુર' એક વિશિષ્ટ શાળા છે, જે માનસિક દિવ્યાંગો માટેનો મુકામ છે. અહીં આવા વિશિષ્ટ બાળકોની દેખભાળ, તાલીમ અને શિક્ષણ દ્વારા પોતાનામાં રહેલી ક્ષમતાઓનો પરિચય કરાવી અને તેમનો સર્વાંગી વિકાસ થાય, તે ખાસ જોવામાં આવે છે. સાથે તેમની સામાજિક રીતે સ્વીકૃતિ, સમરસતા અને તેમના કૌશલ્યનુસાર તથા ક્ષમતાનુસાર તે આર્થિક રીતે પગભર થાય, ત્યાં સુધીની પ્રક્રિયા પરિપૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય પાર પાડવામાં આવે છે. આ વિકાસયાત્રા ફક્ત અંકુરની જ નથી, પરંતુ તેની સાથે સંલગ્ન બાળકો; વાલીઓ; શિક્ષકગણ; દાતાઓ અને સંસ્થા સાથે જોડાઈને સીધી યા આડકતરી રીતે આમાં મદદરૂપ થનાર એ તમામ લોકોની પણ છે. દર વર્ષે બાળકો અને વાલીઓ અંકુર દ્વારા કંઈક પામે છે, આ કાર્યો દ્વારા અહીંનો શિક્ષકગણ, સમગ્ર સ્ટાફ અને ટ્રસ્ટીગણ પણ એક સંતોષની પરિતૃપ્તિ અનુભવે છે. આ સ્મરણ-યાત્રામાં એ તમામ કાર્યોને વધુને વધુ શ્રેષ્ઠ રીતે કરવા માટેનું મનોમંથન અને આત્મખોજ તો અવિરત ચાલુ જ હોય છે ત્યારે, આપના અમૂલ્ય સૂચનો આપશો તો આ વિકાસયાત્રા વધુને વધુ ઉત્તમ બની રહેશે. અસ્તુ.

**વિદ્યાર્થીઓની સંખ્યા**

| વર્ષ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૭ - ૨૦૧૮ | ૧૨૪ | ૫૪ | ૧૭૮ |

**વિદ્યાર્થીઓનું I.Q. મુજબ વર્ગીકરણ**

| | |
|---|---|
| માઈલ્ડ | ૨૦ % |
| મોડરેટ | ૭૦ % |
| સીવીયર | ૧૦ % |

## નવતર અભિગમ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન સૌ પ્રથવાર શાળામાં સામાન્ય બાળકોના ધોરણ ૧ થી ૪ નો અભ્યાસક્રમ પ્રાયોગીક ધોરણે અમલામાં મુકવામાં આવેલ જેમા પ્રી પ્રાયમરી ધોરણ-૧, પ્રાયમરી ધોરણ ૨-૩ તેમજ પ્રી વોકેશનલ ધોરણ-૪ માં સમાવેશ કરેલ જેમાં બાળકોને અલગ-અલગ ધોરણના વિષય વસ્તુ મુજબ શિક્ષણ આપવામાં આવે છે. જેમાં માઈલ્ડ બાળકોનું શૈક્ષણિક પરફોર્મન્સ ખુબ જ સરસ રહેલ. બીજા બાળકો પણ શૈક્ષણિક કાર્યોમાં જોડાયા અને લખવું, વાંચવું તેમજ ગણતરીનાં કાર્યોમાં સારી રીતે રસ લેતા થયા. શિક્ષક મિત્રોના પ્રયત્નોથી આ નવા અભિગમથી બાળકોનાં તાલીમ અને શિક્ષણમાં ખુબ સરસ પરિણામ જોવા મળેલ જે વાલીઓએ પણ સ્વીકારેલ.

## ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણ

મનોદિવ્યાંગ બાળકોને પણ વર્તમાન પ્રવાહને અનુલક્ષીને કમ્પ્યુટર, ટેબલેટ, સ્માર્ટકલાસ તથા ઈ-લર્નિંગના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે આ મનોદિવ્યાંગ બાળકો ટેકનોલોજી થી પરિચીત થાય તથા સામાન્ય પ્રવાહમાં સરળતાથી ભળી શકે તેવા આશયથી આ બાળકોને ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે. જેમાં શાળાના બાળકો આનંદ સાથે શિક્ષણ મેળવે છે.



*Teach me skills do not treat my ills*

# ભાવાંજલી

## સંસ્થાના સ્વપ્ન દૃષ્ટા સ્વ. શ્રી અનંતરાય રાવળની ચિર વિદાય



પી.એન.આર. સંલગ્નિત 'અંકુર' સંસ્થાના ટ્રસ્ટીશ્રી અનંતરાય હરિશંકરભાઈ રાવળનાં તા.૧૪/૦૯/૨૦૧૭ના રોજ થયેલ અવસાનના સમાચાર સાંભળી 'અંકુર' પરિવારે ખૂબજ આઘાત અનુભવેલ.

જીવનનું પ્રથમ પગલું તે મૃત્યુ તરફ નું પણ પ્રથમ પગલું છે. જીવનના સંબંધોની એક નિયતી મૃત્યુનો સ્વીકાર પણ છે. બસ આપણે તો સાક્ષી બની આ બધી ઘટનાઓને જોવાની હોય છે. પણ અમુક જીવન, અમુક સંબંધો અને તેની આસપાસની ઘટનાને આટલી સહજતાથી સ્વીકારી શકાતી નથી. કારણ એ વ્યકિત અને તેની સાથેના સંબંધ એ આપણા જીવવાનું પ્રેરકબળ હોય છે. માનનીયશ્રી અનંતરાય હરિશંકરભાઈ રાવળ આવુ જ એક વ્યકિતત્વ હતા, અનેક સંસ્થાના આધાર હતા અને અનેક લોકોના સાથી હતા. તેમના હોવાથી અનેક દુઃખી લોકોના જીવનમાં વિશ્રાંતી હતી.

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા શરૂ કરવાથી આજ સુધીના વિકાસ પાછળ તેમનો સહયોગ રહયો છે. આ મંદબુધ્ધિવાળા બાળકોનાં જીવનમાં પણ એક શૂન્યાવકાશ સર્જાયેલ છે. અમે અને અમારા મંદબુધ્ધિવાળા બાળકોની પ્રાર્થનાનું બળ તેમના આત્માને પરમ શાંતી અર્પે તેવી પ્રાર્થના સહ.

'અંકુર' પરિવાર

● **રો-રો ફેરીમાં વડાપ્રધાનશ્રી સાથે 'અંકુર'ના બાળકો.**



તા. ૨૨/૧૦/૨૦૧૭ના રોજ ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસના ઉદ્‌ઘાટન સમારંભમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ ઉદ્‌ઘાટન અંતર્ગત ઘોઘા થી દહેજ બોટમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની સાથે શાળાના ૨૦ બાળકો તથા ૩ સ્ટાફ મિત્રોએ દરિયાઈ મુસાફરીનો અદ્‌ભૂત આનંદ માણેલ. મુસાફરી દરમ્યાન વડાપ્રધાનશ્રીએ બાળકો સાથે સારો એવો સમય પસાર કરી ખુશમિજાજમાં વાતચિત કરી હળવી પળો માણેલ. જેનાથી બાળકો ખુબજ આનંદિત થયેલ. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બોટમાં જ બાળકો માટે લંચની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. તેમજ દરેક બાળકોને ટેબ્લેટની ભેટ આપવામાં આવેલ. આ સમગ્ર પ્રોગ્રામની તૈયારીમાં શ્રી મયુરભાઈ રાઠોડ તેમજ બાળકોની સાથે એસ્કોર્ટ તરીકે શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી હરદીપભાઈ કામળીયા તથા શ્રી આરીફભાઈ જેઠવાએ સરાહનિય કામગીરી કરેલ.


● **ડ્રીમ પ્રોજેક્ટ ઈમેજીકા**



તા.૨૮/૦૪/૨૦૧૮ થી તા. ૦૨/૦૫/૨૦૧૮ દરમ્યાન 'અંકુર' મંદબુધ્ધિના બાળકો માટે મુંબઈ-લોનાવાલા ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોએ લોનાવાલા-ઈમેજીકા વોટરપાર્ક વગેરેમાં ખુબજ આનંદની પળો માણેલ. આ પ્રવાસમાં શાળાના કુલ ૮૩ બાળકો તથા ૨૯ સ્ટાફ મિત્રો જોડાયેલ. દાતાઓ તથા શુભેચ્છકોના આર્થિક સહયોગથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. આ પ્રોજેક્ટ માટે શાળાના શિક્ષકશ્રી નેહલબેન ગઢવીનું વિશેષ યોગદાન રહેલ જેમણે આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા અથાગ પ્રયત્નો કરેલ. તેમજ ગુજરાતના યુવા સાહિત્યકાર શ્રી જય વસાવડાએ અંકુરના આ ડ્રીમ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે અંગતરસ લઈ ડોનેશન માટે પ્રયત્ન કરેલ. તેમનું અભિવાદન અને આભાર...

● **''જીવનનો ધબકાર'' સાંસ્કૃતિક કાર્યક્રમ**

યશવંતરાય નાટયગૃહ ખાતે ભાવનગરના યુવરાજશ્રી જયવિરરાજસિંહ ગોહિલ, શહેરના અગ્રણી ઉદ્યોગપતિશ્રીઓ શ્રી નિશિથભાઈ મહેતા, શ્રી પિયુશભાઈ તંબોલી, શ્રીમતી વિશાખાબેન તંબોલી તથા શ્રી ભુપતસંગ પરમારનાં અતિથિ વિશેષ પદે તેમજ ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં તા.૨૪/૦૩/૨૦૧૮નાં રોજ ''જીવનનો ધબકાર'' થીમ પર સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાના બાળકો દ્વારા એકથી એક ચઢિયાતી કૃતિઓ રજુ કરવામાં આવેલ ઓડિયન્સ તરફથી અદ્‌ભૂત પ્રતિસાદ મળેલ અને દાનની સરવાણી વહાવેલ. મુગ્ધ કરી દેતી ઉદ્‌ઘોષણાથી નેહલબેને સમગ્ર કાર્યક્રમને વધુ યાદગાર અને જિવંત બનાવ્યો. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.


''જીવનનો ધબકાર''

આત્મીય શ્રી ..............................


અમે 'અંકુર' મંદબુધ્ધિ બાળકોની શાળા પરિવારના બાળ-મિત્રો આપ સૌને અમારા વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવમાં આવકારીએ છીએ.
આવો અને અમારા ચિત્તનો કલરવ, મૈત્રીનો ગુંજારવ, શ્રધ્ધાનો પગરવ અને જીવનનો ધબકાર સાંભળો, અમે સૌ મૈત્રી ઘરાનાનાં કલાકારો છીએ,
અમારા ગુંજન, ગાયન, નર્તન, વાદનમાં તમે જીવનની સરગમ સાંભળશો...
આવો અને અમારો રંગરાગ અને ઠાઠમાઠ જુઓ,
તોફાનો, મસ્તી અને ધમાલ થી ગાજતો અમારો રંગમંચ જુઓ...
આવો, આપણે લય-તાલ સાધીએ, સૂર-સ્વર મેળવીએ અને સંવાદ રચીએ. સમુહ સ્વરમાં જીવન-આનંદને ઉજવીએ.
આપની પ્રતિક્ષામાં, અમે સૌ...

અતિથી વિશેષઃ
યુવરાજશ્રી જયવિરરાજસિંહ ગોહિલ
શ્રી નિશિથભાઈ મહેતા (માઈક્રોસાઈન ઈન્ડસ્ટ્રીઝ)
શ્રી અશોકભાઈ શેઠ (શેઠ બ્રધર્સ)
શ્રીમતી વિશાખાબેન તંબોલી (IPCL)
શ્રી પિયુષભાઈ તંબોલી (IPCL)
શ્રી ભુપતસંગ પરમાર (ભૂમિ ગૃપ - વરતેજ)

તારીખ : ૨૪/૦૩/૨૦૧૮, શનિવાર  સમયઃ સાંજના ૬:૩૦ કલાકે,
સ્થળઃ યશવંતરાય નાટયગૃહ, ભાવનગર.

અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) મેનેજીંગ ટ્રસ્ટી
શશીભાઈ વાધર પ્રમુખ
અલ્પેશભાઈ કે. શેઠ માનદ્ મંત્રીશ્રી
મેઘજીખાન કે. સાયબાણી ઈન્ચાર્જ પ્રિન્સીપાલ

અંકુર
મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
ઈ-મેઈલ : ankurmrschool.bvn@gmail.com





- **ઉદ્‌ઘાટન - સેન્સરી થેરાપી રૂમનો પ્રારંભ**

તા.૨૭/૦૨/૨૦૧૮ના રોજ શાળા ખાતે સેન્સરી થેરાપી રૂમ તથા કલાસરૂમ ફર્નિચરનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયેલ. P.G.V.C.L. દ્વારા આ બંન્ને પ્રોજેકટ માટે રૂા. ૮,૫૦,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ. આ પ્રસંગે શ્રી સુધીરભાઈ ભટ્ટ (કંપની સેકેટરીશ્રી PGVCL રાજકોટ) તેમજ શ્રી એ.જી.તન્નારાણા સાહેબ (ચીફ એન્જીનીયરશ્રી PGVCL ભાવનગર ઝોન) ઉપસ્થિત રહેલ.

ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત શાળાની વિદ્યાર્થીની ધારા ત્રિવેદીની પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. સ્વાગત પ્રવચન માનદ્‌ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ. માનદ્‌ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયાએ આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરેલ તથા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઈ) દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ સેન્સરીરૂમ પ્રોજેકટ અંગે શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા માહિતી આપેલ. અંતમા શાળાના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કૃતિ રજુ કરવામાં આવેલ ત્યારબાદ શ્રી સુધીરભાઈ ભટ્ટ તેમજ શ્રી એ. જી. તન્નારાણા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધી શ્રી પારસભાઈ પરમારે કરેલ.

વિશેષમાં સંસ્થાના માનદ્‌ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહે આ પ્રોજેકટ અંગે ખૂબ જહેમત ઉઠાવેલ. તે બદલ તેમને ખૂબ-ખૂબ અભિનંદન...





- **જન-જાગૃતિ કાર્યક્રમ**



તા.૧૨/૦૮/૨૦૧૭ના રોજ શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ (સરદારનગર) ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને 'મંદબુધ્ધિ એટલે શું?' તેના કારણો, લક્ષણો અને તેને અટકાવવાના ઉપાયો તેમજ અંકુર શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ. આ જન-જાગૃતિ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી શિક્ષકશ્રી હરદીપભાઈ કામળીયા તેમજ શ્રી આરીફભાઈ જેઠવા ઉપસ્થિત રહેલ.

- **મેડિકલ કેમ્પ**




તા.૦૭/૦૨/૨૦૧૮નાં રોજ શાળા ખાતે દર વર્ષની માફક આ વર્ષે પણ ગુજરાત સરકાર ધ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ડો. પ્રણવ પુનાસનવાલા (પીડીયાટ્રીશન) તેમજ ડો. અશોક વાળા (સાઈકીયાટ્રીસ્ટ)એ સેવા આપી શાળાના કુલ ૧૨૦ બાળકોનું ચેકઅપ કરેલ તેમજ જરૂરીયાત વાળા ૨૬ બાળકોને સંદર્ભ કાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ. તથા જરૂરી ફોલોઅપ માટે વાલીને માહિતગાર કરવામાં આવેલ.

આ મેડીકલ કેમ્પને સફળ બનાવવા માટે આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શાળના શિક્ષકશ્રી પારસભાઈ પારમારે ભારે જહેમત ઉઠાવેલ.

### વિવિધ થેરાપી...

- **મ્યુઝિક થેરાપી**

સંગીત સાંભળવાની, ગાવાની, કે વાદ્ય વગાડવાની કોઈપણ સ્થિતિમાં સંગીત દ્વારા મનુષ્ય શરીરમાં રહેલા ત્રિદોષ - વાત, પિત્ત, કફની માત્રા સપ્રમાણ જળવાઈ રહે છે. જેથી રોગપ્રતિકાર શકિત વધે છે, અને શારીરિક-માનસિક સ્વસ્થતા જળવાઈ રહે છે. ઔષધિરહિત આ ચિકિત્સા કોઈ આડઅસર વગરની છે. સંગીતની મદદથી શરીરના દરેક તંત્રનું કાર્ય (પાચનતંત્ર, ઉત્સર્જનતંત્ર, શ્વસનતંત્ર વગેરે..), રકતવાહિનીઓની ગતિ, તરલ દ્રવ્યોનું સ્તર વગેરે જળવાઈ રહે છે. માનસિક અને શારીરિક રીતે નબળા બાળકોમાં કોમ્યુનિકેશન તથા મોટરસ્કિલને વિકસિત કરવામાં ઘણો મોટો ફાળો સંગીત આપી શકે છે. બાળકોમાં આઈ-હેન્ડ-કો-ઓર્ડીનેશન થવામાં સંગીત ખુબ ઉપયોગી નીવડે છે.

સમગ્ર વર્ષ દરમ્યાન મ્યુઝિક થેરાપીમાં કુલ નીચે મુજબ સેશન આપવામાં આવેલ. 'અંકુર' શાળામાં ચાલતા મ્યુઝિક થેરાપી વિભાગમાં આ વર્ષે યોગ, ડ્રોઈંગ તથા ક્રાફટ શીખવવાનું પણ શરુ કરેલ છે. જેમાં ખુબ સફળતા મળી છે.

| | | |
|---|---|---|
| ૧. | વર્ગ પ્રમાણે કુલ સેશન | ૪૬૮ |
| ૨. | વ્યકિગત થેરાપી સેશન | ૨૧૦ |
| ૩. | યોગ સેશન | ૧૬૫ |
| ૪. | ડ્રોઈંગ અને ક્રાફટ સેશન | ૧૪૮ |




ડો. ભાવના અંધારિયા
(મ્યુઝિકથેરાપિસ્ટ)

- **ફિઝીયોથેરાપી**

મંદબુધ્ધિત્વમાં બાળકના માનસિક વિકાસની સાથે સાથે તેમના શારીરિક વિકાસમાં પણ ઘણાં જ ફેરફાર થતા હોય છે. મંદબુધ્ધિ બાળકોને સ્નાયુનું ઢીલાપણું, કઠણપણું, લાળ પડવી, ચાલવાની ખોટી રીત, કરોડરજજુની રચનામાં તફાવત દેખાય છે આવી ઘણી જ તકલીફો જોવા મળે છે. શરીરમાં વધારાની ચરબી જમા થાય છે જેથી બાળકમાં મેદસ્વિતા (Obesity) પણ જોવા મળે છે. સાથે Posture પણ બદલાયેલું જોવા મળે છે. હાથની પકડ ઓછી હોવી, Moment અને Rom માં પણ ફેરફાર વગેરે જેવી તકલિફો મંદબુધ્ધિના બાળકોમાં જોવા મળે છે.



ફિઝીયોથેરાપી સારવાર ખર્ચાળ છે. તેથી તે ઘણાં વાલીઓને પોસાય તેમ નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને શાળામાં ફિઝીયોથેરાપીની સારવાર આપવામાં આવે છે.બાળકોમાં આઈ-હેન્ડ-કો-ઓર્ડીનેશન થવામાં સંગીત ખુબ ઉપયોગી નીવડે છે.

| |
|---|
| કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૪૧ કુલ સેશન : ૧૪૪૦ |

ડો. રાધિકા રાઠોડ
(ફિઝીયોથેરાપિસ્ટ)

લોકો માટે 'મંદબુધ્ધિ' જ એક સમસ્યા છે, જેમાં સૌથી મોટો પ્રશ્ન એ વાણીનો છે. આપણે-સામાન્ય લોકોને પળવાર માટે મૌન રહેવાનું આવે, મનની વાત કે પોતાની જરૂરિયાત કહી જ ન શકાય તેવી પરિસ્થિતી આવે તો? કેટલો મુંઝારો થાય? કેવી તકલીફ પડે? જયારે આવી કાયમી સ્થિતિ ધરાવતાં, ને એમાંય ઉંમર સાવ નાની હોય તો? વિચાર જ અકળાવી મૂકે તેવો છે ને? તો આવા બાળકો માટે કે જેઓમાં ઘણી બધી ક્ષમતાઓ હોવાં છતાં તેઓ જયારે વાચા/વાણીની સમસ્યાથી પિડાય છે ત્યારે, તેમના માટે દૈનિક જીવનમાં, રોજ-બ-રોજના કાર્યોમાં તેને ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય છે.



આ મુશ્કેલીઓ દુર કરવા અઠવાડિયામાં બે વાર તેને આ તાલીમ અપાય છે. માત્ર એટલું જ નહીં, પરંતું તેના વર્ગ-શિક્ષકને પણ ખાસ સૂચના અપાય છે કે વર્ગમાં તેની પ્રવૃત્તિઓ દરમ્યાન બાળક તેને અનુસરે, તેનો અમલ કરે. આ ઉપરાંત, વાલીને પણ બાળક ઘરે અમુક પ્રયત્ન કરે તે માટે તેને પ્રેકટીસ કરાવે તેની સૂચના અપાય છે. આ ઉપરાંત ટેકનોલોજીનો ઉપયોગ કરી સ્પીચ થેરાપીને લગતી અલગ-અલગ એપ્લીકેશન દ્વારા તાલીમ આપવામાં આવે છે.

કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૫૫ કુલ સેશન : ૧૨૩૦

ક્રિષ્નાબેન રૂપેરા
(સ્પીચથેરાપિસ્ટ)



*Pain is inevitable but - suffering is optional*

### સંસ્થાની વાર્ષિક મિટીંગ (AGM)

તા. ૧૮/૦૬/૨૦૧૭ના રોજ શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ)ની અધ્યક્ષતામાં સંસ્થાની ટ્રસ્ટી મંડળ તેમજ કાર્યવાહક કમિટીંની વર્ષ ૨૦૧૬-૧૭ની વાર્ષિક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓ તેમજ માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણી દ્વારા ઓડિટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. તેમજ બજેટ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હાજર ટ્રસ્ટીશ્રીઓ તેમજ સભ્યો દ્વારા અંકુરની સુંદર કામગીરીને બિરદાવવામાં આવી અને સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવેલ.

- **વાર્ષિક વાલી મિટીંગ...**

તા. ૨૫/૦૪/૨૦૧૮ના રોજ શાળાની વાર્ષિક વાલી મિટીંગ યોજાયેલ. શાળાની વિદ્યાર્થીની મહેતા જાનકી દ્વારા સુંદર રીતે શ્લોકગાન થી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ આવેલા મહેમાનોનું માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિની માહિતી રજુ કરેલ. માનદ્ મંત્રીશ્રી (શિક્ષણ) ડી. જે. ધંધુકિયા દ્વારા શાળા અંગેની વાતો કરી પોતાનો વિચારો સુંદર રીતે રજુ કર્યા હતા. તેમજ ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણીએ વાલીઓ સાથે ઈન્ટરેકશન કરેલ. ત્યારબાદ ડો.શ્રી.નવજ્યોતભાઈ ત્રિવેદી (પ્રિન્સીપાલ, શ્રી સહજાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિજીયોથેરાપી) એ મંદબુધ્ધિ બાળકો અને ફિજીયોથેરાપી વિશે પાવર પોઈંટ પ્રેજન્ટેશન દ્વારા રસપ્રદ પૂર્વક ઉપયોગી માહિતી પૂરી પાડેલ. તેમજ બાળકોને ખુબજ કાળજીપુર્વક અને માવજતથી લાવવા-લઈ જવાની સુંદર કામગીરી નિભાવવા બદલ દરેક રીક્ષાચાલક ભાઈઓનું સન્માન કરવામાં આવેલું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી પારૂલબેન પાઠક તથા સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધી શ્રી રીધ્ધીબેન મહેતા દ્વારા કરવામાં આવેલી. અને સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ.






*The pathway to worthy life Be good and do good*

# ૩. પ્રસંગો, ઉત્સવો, પિકનિક, રમત-ગમત, સાંસ્કૃતિક, અન્ય

● **રમઝાન ઈદની ઉજવણી...**

ઉત્સવનો અર્થ જ એ છે કે અન્ય સાથે હળવું-મળવું એક-બીજાના સુખ-દુખ સમજવાનો પ્રયાસ કરવો આમ તો દરેક તહેવાર પાછળ એક સંદેશ હોય છે જે તહેવાર પછી એ માણસે સંદેશ મુજબ જીવવાનો હોય છે.

આવો જ એક ઉત્સવ 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે તા.૨૦/૦૬/૨૦૧૭ના રોજ શ્રી આરીફભાઈ કાલ્વા (હોટલ મૌસમ)ના અતિથિવિશેષપદે યોજાઈ ગયો જેમાં રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત શાળાના બાળકો દ્વારા સામુહીક દુવા કરવામાં આવેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા રમજાન ઈદનું મહત્ત્વ સમજાવવામાં આવેલ. ત્યારબાદ બાળકોએ એક-મેકને ગળે મળી ઈદની મુબારકબાદી પાઠવેલ. આમ સદ્ભાવના તથા હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવેલ.






**આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી...**

તા.૨૧/૦૬/૨૦૧૭નાં રોજ જિલ્લા પ્રશાસન દ્વારા યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સુંદર ઉજવણી કરવામાં આવેલ. જેમાં શાળાના ૧૧૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.





● **પ્રવેશોત્સવની ઉજવણી...**

તા. ૨૩/૦૬/૧૭નાં રોજ શાળામાં ભવ્ય પ્રવેશોત્સવ ઉજવાયેલ. જેમાં અતિથિવિશેષ તરીકે શ્રી વિભાવરીબેન દવે (સંસદિય સચિવશ્રી, ગુજરાત રાજય), ડો. શ્રી. આર. કે. સિન્હા, સુશ્રી હીરાબેન વિંઝૂડા (સભ્ય, શિક્ષણ સમિતિ) શ્રી સુરેશભાઈ ધાંધલ્યા (ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી), ઉપસ્થિત રહયાં હતા. તેમજ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) ટ્રસ્ટીશ્રી અનંતભાઈ એ. શાહ તથા માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી ભાવનાબેન અંધારિયાએ કરી હતી. કાર્યક્રમનું સંકલન શ્રી હિનાબેન ગળથરીયાએ કર્યુ હતું. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો હતો.






● **રક્ષાપર્વની ઉજવણી...**

તા.૦૩/૦૮/૨૦૧૭ના રોજ આમંત્રિત મહેમાનો, બાળકો તથા સ્ટાફ દ્વારા બળેવની ઉજવણી કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીનીના સુંદર શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટ થી અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીની શ્રી મિનલ રાઠોડે રક્ષાબંધન વિશે સુંદર વકતવ્ય આપેલ. શાળાની મંદબુદ્ધિ બાળાઓ દ્વારા મહેમાનો અને ટ્રસ્ટીશ્રીઓને તિલક કરી રાખડી બાંધી મોં મીઠું કરાવવામાં આવેલ.

આ કાર્યકમમાં શ્રી તરૂણભાઈ વોરા (ચેરમેન, સિહોર નાગરીક સહકારી બેંક) શ્રી વિવેકભાઈ શાહ, શ્રી ભવનેશભાઈ મહેતા, શ્રી ભરતભાઈ નાકરાણી તેમજ રોટરી રોયલના સભ્યશ્રીઓ તથા શાળાના ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. કાર્યકમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.







- **જન્માષ્ટમી પર્વની ઉજવણી...**

તા.૧૧/૦૮/૨૦૧૭ના રોજ હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થીની શ્રી ત્રિવેદી ધારા દ્વારા પ્રાર્થના કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ. ટ્રસ્ટીશ્રી દેવલભાઈ શાહ દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટ થી અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના બાળકો તેમજ સ્ટાફ દ્વારા 'મટકીફોડ' કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. તેમજ કૃષ્ણ ભકિતના ગીતો પર બાળકોને રાસ રમાડવામાં આવેલ. આ પ્રસંગે શ્રી દેવેનભાઈ શેઠ (શેઠ બ્રધર્સ) તેમજ તેમના પરીવારના સભ્યો તથા શ્રી વજુભાઈ રાઠોડ તથા શ્રીમતિ ચંપાબેન રાઠોડ તેમજ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. વિશેષમાં શ્રી વજુભાઈ રાઠોડ પરિવાર દ્વારા સંસ્થાને રૂા. ૫૧,૦૦૧/- નું માતબર અનુદાન પ્રાપ્ત થયેલ.


કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે તેમજ આભારવિધિ શ્રી હરદીપભાઈ કામળીયાએ કરેલ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ પરીવારે સરાહનિય કામગીરી કરેલ.





- **સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી...**

૧૫મી ઓગષ્ટે શાળા ખાતે દર વર્ષની માફક આ વર્ષ પણ પુરી આન-બાન અને શાનની સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવેલ. ભાવનગર શહેરના જાણીતા ફિઝીશ્યન ડો. શ્રી કિશોરભાઈ શેઠના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. આ પ્રસંગે S.B.I. કર્મચારી મંડળના પ્રમુખશ્રી જનાર્દનભાઈ ભટ્ટ તેમજ ટ્રસ્ટીશ્રીઓ, કર્મચારીગણ તેમજ બાળકો ઉપસ્થિત રહેલ.



ધ્વજવંદનવિધિ શાળાના શિક્ષકશ્રી હરદીપભાઈ કામળીયાએ કરાવેલ કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ કરેલ.



● **નવરાત્રી પર્વની ઉજવણી...**



તા.૨૬/૦૯/૨૦૧૭ના રોજ શાળા ખાતે ઉત્સાહભેર નવરાત્રીની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડો.ભાવનાબેન અંધારિયા દ્વારા સુંદર પ્રાર્થના કરવામાં આવેલ. ત્યારબાદ માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ દ્વારા આવેલ મહેમાનોનુ શાબ્દિક તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ પધારેલ મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફમિત્રો તેમજ વાલીઓ દ્વારા સમૂહ આરતી કરવામાં આવેલ. તેમજ બાળકો-વાલીઓ તથા સ્ટાફ પરીવાર દ્વારા રાસ-ગરબા રમવામાં આવેલ. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે શ્રી એ. જી. તન્નારાણા સાહેબ (ચીફ એન્જીનીયરશ્રી, P.G.V.C.L.) શ્રી ગુણવંતભાઈ શાહ (પાર્શ્વભકિત ચેરીટેબલ ટ્રસ્ટ) શ્રી કિશોરભાઈ પટેલ (એમ્સ ફાઈન કેમિકલ) શ્રી ગૌરવભાઈ શેઠ (શેઠ બ્રધર્સ) ઉપસ્થિત રહેલ. તેમજ ટ્રસ્ટીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી વિનુભાઈ હકાણી, શ્રી દેવલભાઈ શાહે હાજર રહી બાળકોને પ્રોત્સાહીત કરેલ. વિશેષમાં શ્રી ગુણવંતભાઈ શાહ દ્વારા દરેક બાળકોને લંચબોકસ ઈનામ સ્વરૂપે આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાધિકાબેન રાઠોડે અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ.

● **ગાંધી જયંતિની ઉજવણી...**



તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ શાળામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકોએ ગાંધીજીની વેશભુષા તેમજ ખોટું ન બોલવા ન સાંભળવા અને ન કરવા વિશેના પ્રતિક એવા ત્રણ વાંદરાના મોહરા દ્વારા નાટક રજૂ કરવામાં આવેલ.

● **પ્રકાશપર્વ દિપાવલીની ઉજવણી...**

તા.૧૧/૧૦/૨૦૧૭ના રોજ પ્રકાશપર્વ દિપાવલીની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના સંગીત શિક્ષક શ્રી ભાવનાબેન અંધારિયા દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવેલ. ત્યારબાદ માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહે આવેલ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરેલ. ત્યારબાદ બાળકો દ્વારા સુંદર રીતે સાંસ્કૃતિક કૃતિ રજુ કરવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીની કુ. રાઠોડ મિનલે દિપાવલી પર્વ વિશે માહિતી આપેલ. તેમજ દરવર્ષની માફક આ વર્ષે પણ મુખ્ય મહેમાન શ્રી નિમેષભાઈ દેસાઈ (જિતુભાઈ ફટાકડાવાળા) દ્વારા દરેક બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી નિમેષભાઈ દેસાઈ તેમજ શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ, ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. ટ્રસ્ટીશ્રીઓ હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી હરદીપભાઈ કામળીયાએ કરેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ ખુબ જ સુંદર રીતે સંપન્ન થયેલ.



● **બાલ દિનની ઉજવણી...**



તા.૧૫/૧૧/૨૦૧૭ના રોજ શૈશવ સંસ્થા દ્વારા શાળાના બાળકો સાથે બાલ દિનની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત બાળકોને ચિત્ર સ્પર્ધા ડાન્સ અને ડ્રામા દ્વારા મનોરંજન પૂરુ પાડેલ તથા અંતમાં દરેક બાળકોને ગીફ્ટ આપવામાં આવેલ.


● **વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી...**

તા.૦૪/૧૨/૨૦૧૭ના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં અંકુર શાળા, નટરાજ સી. પી. સ્કૂલ તેમજ બહેરા-મુંગા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પ્રાર્થના રજુ કરવામાં આવેલ. શ્રી અશ્વિનભાઈ પંડયાએ આવેલ મહેમાનનું શાબ્દિક તેમજ મેમેન્ટો દ્વારા સ્વાગત કરેલ ત્યારબાદ ઉપસ્થિત મહેમાન અને ટ્રસ્ટીશ્રીઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવેલ શાળાના શિક્ષકશ્રી રેશ્માબેને વિશ્વ વિકલાંગ દિવસ વિશે માહિતી આપેલ. અતિથિ વિશેષ શ્રી વિપુલભાઈ પટેલ (પ્રમુખશ્રી, ભાવનગર શેર ઈન્વેસ્ટર્સ & બ્રોકર એસોસીએશન) એ પ્રાંસગિક ઉદ્‌બોધન કરેલ. ત્યારબાદ સરદારનગર સર્કલ પાસે પી.એન.આર., સોસાયટી સંલગ્ન સંસ્થાઓ દ્વારા ચા-નાસ્તા તથા હેન્ડીક્રાફ્ટ વસ્તુઓના સ્ટોલ રાખવામાં આવેલ જેનો બહોળી સંખ્યામાં આમ લોકો, સ્ટાફ તથા વાલીઓએ વસ્તુઓ ખરીદી બાળકોને પ્રોત્સાહીત કરેલ. સાથો સાથ સ્ક્રીન ઉપર વિવિધ વિકલાંગતાઓ વિષેની માહિતીઓનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અંકુર શાળા, નટરાજ સી.પી.સ્કૂલ તેમજ બહેરા-મુંગા શાળાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ આચાર્યશ્રીઓએ ભારે જહેમત ઉઠાવેલ.





● **ફાઉન્ડેશન ડે ની ઉજવણી...**



તા.૩૦/૧૨/૨૦૧૭ના રોજ નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા નેશનલ ટ્રસ્ટ અને નિરામયા હેલ્થ (મેડીકલેમ) પોલીસી અંગે માહિતી આપવામાં આવેલ. તેમજ શિક્ષકશ્રી પારસભાઈ પરમાર દ્વારા નિરામયા પોલીસીના લાભ અંગે વાલીઓને માહિતગાર કરવામાં આવેલ. જેમાં કુલ ૪૫ વાલીઓ હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ.

● **મકરસંક્રાતિ પર્વની ઉજવણી...**



તા.૧૨/૦૧/૨૦૧૮ના રોજ શાળા ખાતે મકરસંક્રાતિ પર્વની ઉજવણી કરવામાં આવેલ જેમાં શાળાના બાળકોએ પતંગ ચગાવવાની મજા માણેલ. તેમજ ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા દરેક બાળકોને પતંગ અને ફિરકી આપવામાં આવેલ.

● **પ્રજાસત્તાક પર્વની ઉજવણી...**



૨૬મી જાન્યુઆરીના રોજ શાળામાં ૬૯માં પ્રજાસત્તાક પર્વની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી હરેકૃષ્ણ અગ્રવાલ (મુન્ના શેઠ, અગ્રણી શિપ બ્રેકર્સ)ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ ત્યારબાદ બાળકોને વિવિધ ગ્રુપ પ્રમાણે રમતો રમાડવામાં આવેલ અને વિજેતા થયેલ બાળકોને ઈનામ આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીગણ તેમજ સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહેલ. ધ્વજવંદન વિધિ શાળાના શિક્ષકશ્રી હરદીપભાઈ કામળીયાએ કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી તેમજ આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ. શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયેલ.

● **ધુળેટી પર્વની ઉજવણી...**

તા. ૨૮/૦૨/૨૦૧૮નાં રોજ શાળાના કેમ્પસ ખાતે લાયોનસ કલબ દ્વારા શાળાના બાળકો સાથે હર્ષોઉલ્લાસ સાથે ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે લાયોનેસ કલબના શ્રી ભાવનાબેન અજયભાઈ મહેતા તેમજ મેમ્બરો મોટી સંખ્યામાં જોડાયેલ.






*Putting our Mind where our heart is*


## :: પિકનિક ::

તા.૨૭/૦૯/૨૦૧૭ના રોજ બુધેલ સ્થિત લોર્ડ્સ રીસોર્ટ ખાતે બાળકો માટે પિકનિકનું આયોજન કરવામાં આવેલ. બાળકોએ વિવિધ રમતો તથા રાઈડ્સનો ખૂબજ આનંદ મેળવેલ. પિકનિકના સૌજન્યકાર શ્રી મહેન્દ્રભાઈ ગૌસ્વામી (Top-3 વાળા) દ્વારા બાળકો તથા સ્ટાફ માંટે બપોરના ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.





તા.૧૭/૧૨/૨૦૧૭નાં રોજ પાલીતાણા ખાતે શાળાના બાળકોનો એક દિવસીય પ્રવાસનું ''નવકાર ગ્રુપ'' ના આર્થિક સહયોગ થી આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ તળેટીએ દર્શન કરેલ તેમજ જંબુદ્વિપ ખાતે પૃથ્વીનું નિરીક્ષણ કરેલ તથા ડુંગર ચડી યાત્રાનો લાભ લીધો હતો. આ સમગ્ર પ્રવાસનું આયોજન ''નવકાર ગ્રુપ'' - શ્રી બિપીનભાઈ શેઠ દ્વારા કરવામાં આવેલ પ્રવાસને સફળ બનાવવા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તેમજ ઓફિસ સુપ્રીટેન્ડ શ્રી પ્રમોદભાઈ ગાંધીએ ભારે જહેમત ઉઠાવેલ.





- **સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાની સિધ્ધિ...**

તા.૨૪/૦૮/૨૦૧૭ના રોજ સ્પોટર્સ કોમ્પલેક્ષ સિદસર ખાતે આયોજીત જિલ્લાકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાના બાળકોએ વિવિધ એથ્લેટીકસ અને ટીમ ગેઈમમાં ભાગ લઈ ૧૦ બાળકોએ પ્રથમ સ્થાન, ૧૯ બાળકોએ દ્વિતિય સ્થાન તેમજ ૧૬ બાળકોએ તૃતિય સ્થાન મેળવી શાળાનું નામ રોશન કરેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા સમગ્ર ઈવેન્ટનું કોઓર્ડિનેશન કરવામાં આવેલ.

● **યંગ એથલેટ કાર્યક્રમ...**

તા.૧૩/૧૦/૨૦૧૭ના રોજ શાળામાં તાલીમ મેળવતા ૫ થી ૮ વર્ષના મંદબુધ્ધિના બાળકો માટે યંગ એથલેટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના સ્ટાફ તથા વાલીઓને સ્પેશ્યલ ઓલિમ્પિક ભાવનગરના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર શ્રી તુષારભાઈ જોગલેકર દ્વારા ટ્રેઈનિંગ આપવામાં આપેલ.



● **રાજય કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાની સિદ્ધિ...**

તા. ૧૭ થી ૨૦ નવેમ્બર-૨૦૧૭ દરમ્યાન હિંમતનગર ખાતે મંદબુધ્ધિ બાળકોના રાજયકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ૧૦ બાળકોએ વિવિધ એથ્લેટીક્સ અને ટીમ ગેઈમમાં ભાગ લઈ સુંદર પ્રદર્શન કરી રાજય કક્ષાએ અંકુર શાળાનું નામ અને ગૌરવ વધારેલ. કોચ તરીકે શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તેમજ એસકોર્ટ તરીકે શ્રી મોનાલીબેન ઉપાધ્યાય તથા શ્રી અમીતાબેન પટેલે સુંદર કામગીરી કરેલ. ગોળાફેક સ્પર્ધામાં કુ. રાઠોડ મિનલે સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ.








*The gift of happiness belongs to those who unwrap and distribute it*

<u>**અન્ય અગત્યની ઘટનાઓ, પ્રસંગો વગેરે.**</u>

## આપણું ગૌરવ

- **ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં નિમણૂંક**



શાળાના માનદ્ ટ્રેઝરર તેમજ વૈષ્ણવ સમાજના અગ્રણી તથા બંદર રોડ વેપારી એસોસીએશનના પ્રમુખશ્રી દેવલભાઈ શાહની ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ. સંસ્થા પરિવાર દ્વારા શ્રી દેવલભાઈ શાહને ખૂબ-ખૂબ અભિનંદન સાથોસાથ આપ ભવિષ્યમાં ખૂબ જ પ્રગતિ કરો તેવી શુભેચ્છા.

- **આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીને મળેલ નેશનલ એવોર્ડ**



નેશનલ સોસાયટી ફોર ઈકવલ ઓપોર્ચ્યુનીટી ફોર ધ હેન્ડીકેપ ઈન્ડીયા (NASEOH) મુંબઈ દ્વારા શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીને આઉટ સ્ટેન્ડીંગ પ્રોફેશનલ સર્વિસનો નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયેલ.

દર વર્ષે NASEOH સંસ્થા દ્વારા વિશ્વ વિકલાંગ દિવસ નિમિતે વિવિધ એવોર્ડ આપવામાં આવે છે જેમાં વર્ષ-૨૦૧૭ માટે અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીની સમગ્ર ભારતમાંથી પસંદગી કરવામાં આવેલ.

તેઓને રીટાયર્ડ જજશ્રી સુજાતા વસંત મનોહરના વરદ્ હસ્તે તા.૦૯/૧૨/૨૦૧૭ના રોજ મુંબઈ ખાતે સન્માન પત્ર તેમજ રૂા. ૨૫,૦૦૦/- નો ચેક એનાયત કરવામાં આવેલ.

આમ નેશનલ લેવલે બેસ્ટ આઉટ સ્ટેન્ડીંગ પ્રોફેશનલ સર્વિસનો એવોર્ડ મેળવી આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ ભાવનગર તેમજ અંકુર શાળાનું ગૌરવ વધારેલ.

અભિનંદન મેઘજીભાઈ...

- **ZCC માં શ્રી રેશ્માબેન શાહની નિમણૂંક**




રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (R.C.I.) દ્વારા તાજેતરમાં ZCC ઝોનલ કોર્ડિનેશન કમિટીની રચના કરવામાં આવેલ જેમા શાળાના શિક્ષક તેમજ ટ્રેઈનિંગ કોલેજના કોઓર્ડિનેટર શ્રી રેશ્માબેન શાહની ઝોનલ કો-ઓર્ડિનેશન કમિટી (વેસ્ટઝોન-૧) ના કન્વીનર તરીકે નિમણૂંક કરવામાં આવેલ. શ્રી રેશ્માબેનને શાળા પરિવાર વતી ખૂબ-ખૂબ અભિનંદન.


➢ તા. ૦૮/૦૬/૨૦૧૭

શાળાના પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ)ના ધર્મપત્ની સ્વ.શ્રી ઈન્દુબાની પુણ્યતિથિ નિમિતે શાળામાં ભજનનાં પ્રોગ્રામનું આયોજન કરી શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવેલ.

- **માર્ગ સુરક્ષા કાર્યક્રમ...**

R.T.O. દ્વારા માર્ગ સુરક્ષા અભિયાન અંતર્ગત તા.૨૮/૦૭/૨૦૧૭ના રોજ શાળાનાં બાળકો તથા સ્ટાફ માટે માર્ગ સુરક્ષા અંગેનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં R.T.O. ના કર્મચારીઓએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ટ્રાફીકના નિયમો વિશે વિગતવાર માહિતી પુરી પાડેલ.






- **મતદાન જાગૃતિ અભિયાન...**



તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વાલીઓ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં વાલીઓને મતદાનનું મહત્ત્વ તેમજ અવશ્ય મતદાન કરવું તથા પરિવારના સભ્યોને પણ મતદાન કરાવવું તથા ઈ.વી.એમ. મશીન વી.વી.પેટ. વિશે ઓડિયો વિડિયો દ્વારા શ્રી જયપાલસિંહ ગોહિલ દ્વારા સમજણ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહેલ.



➢ તા.૨૮/૧૨/૨૦૧૭ના રોજ માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા (શિક્ષણ) તથા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ સુરેન્દ્રનગર સ્થિત સી.યુ.શાહ મેડીકલ કોલેજના સ્પિચ થેરાપી વિભાગની મુલાકાત લીધેલ.

➢ તા.૧૮/૦૧/૨૦૧૮ના રોજ સંજયભાઈ સોનાણી દ્વારા ક્રિષ્ના ફાર્મ હાઉસ ખાતે દરેક બાળકો તથા સ્ટાફ માટે જમણવારનું આયોજન કરેલ.



➢ તા.૧૯/૦૧/૨૦૧૮ના રોજ શાળાના શિક્ષકશ્રી નેહલબેન ગઢવી દ્વારા શાળાના બાળકો, સ્ટાફ, તેમજ વાલીઓ તથા રીક્ષાવાળા ભાઈઓને ડિમ્પલ રેસ્ટોરન્ટ ખાતે જમાડવામાં આવેલ.

➢ તા.૩૧/૦૧/૨૦૧૮ના રોજ શિશુવિહાર સ્થિત વિસામો સંસ્થાની શાળાના સ્ટાફ દ્વારા મુલાકાત લેવામાં આવેલ.

- **સમુહ લગ્નમાં મંદબુધ્ધિ બાળકોની હાજરી...**



તા.૨૫/૦૨/૨૦૧૮ના રોજ કસ્બા અંજુમને ઈસ્લામ દ્વારા આયોજીત સમુહ લગ્નમાં મંદબુધ્ધિના બાળકો હાજર રહેલ. તથા સંસ્થાનું સન્માન કરવામાં આવેલ.

- **ગેટ ટુ ગેધર...**

તા.૨૮/૦૩/૨૦૧૮ના રોજ સંસ્થાના માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ દ્વારા ટ્રસ્ટીશ્રીઓ સ્ટાફ પરિવારના સભ્યો સહિત સૌ માટે એક ગેટ ટુ ગેધર (ભજીયા પાર્ટી)નું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.






- દિવાળી નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ) તરફથી શાળામાં તાલિમ મેળવતા જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ વહેંચવામાં આવેલ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા દિવ્યાંગજન સશકિતકરણ વિભાગ દ્વારા સમગ્ર દેશમાં યુનિવર્સલ આઈ. ડી. કાર્ડ પર્સન્સ વીથ ડીસેબીલીટી પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત શાળામાં તાલીમ મેળવતા બાળકો તેમજ તળાજા તાલુકાના દિવ્યાંગજનો વ્યકિતઓના ૭૦ યુનિવર્સલ આઈ.ડી. કાર્ડ કાઢવામાં આવેલ છે.

- **પ્રભુવંદના કાર્યક્રમ...**

તા.૧૧/૦૩/૨૦૧૮ના રોજ દાતાશ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના સ્વ. પિતાશ્રી જયંતિલાલ દૂર્લભજીભાઈ દેસાઈ તથા શ્રી ખુશેન્દ્રભાઈના ધર્મપત્નિ સ્વ. થોરુનબેનનાં સ્મરણાર્થે પ્રભુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી ભાવનાબેન અંધારિયા, શ્રી રેશમાબેન શાહ તથા શ્રી કિષ્નાબેન રૂપેરાએ રજૂ કરેલ ભજન દ્વારા શ્રધ્ધાંજલી અર્પેલ.



## ૪ કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, ટ્રેઈનિંગ્સ, એજયુકેશનલ વિઝિટસ્

● **''વિજ્ઞાન નગરી''ની મુલાકાત...**



તા. તા.૦૯/૦૬/૨૦૧૭ના રોજ શાળાના બાળકોએ વિજ્ઞાનનગરીની મુલાકાત કરેલ. મુલાકાત દરમ્યાન બાળકોને તેમની ક્ષમતા અને મર્યાદાઓને ધ્યાનમાં રાખીને જીવવિજ્ઞાન,રસાયણવિજ્ઞાન તેમજ ભૌતિકવિજ્ઞાન વિગેરે અંગેની માહિતી તેમજ તેમના પ્રયોગો અંગે એકદમ સરળ અને બાળકોને રસ પડે તેવી રસપ્રદ શૈલીમાં સમજાવવામાં આવેલ. તેમજ બાળકોને ફિલ્મ દ્વારા પૃથ્વીની ઉત્પત્તિ તેમજ પૃથ્વીની વર્તમાન પરિસ્થિતિ અંગે બાળકોને માહિતગાર કરવામાં આવેલ. સમગ્ર મુલાકાત દરમ્યાન બાળકોએ ખૂબ જ આનંદ મેળવી ઉત્સાહિત થયેલ. આ મુલાકાત દરમ્યાન શાળાના શિક્ષક સર્વશ્રી પારૂલબેન પાઠક, રેશ્માબેન શાહ, પારસભાઈ પરમાર, હિનાબેન ગળથરીયા તથા અમીતાબેન પટેલ બાળકોની સાથે રહી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડી ખુબ જ સરાહનિય કામગીરી કરેલ.

● **'આનંદધામ' વિઝીટ...**

તા.૧૧/૦૭/૨૦૧૭ના રોજ બાવળા સ્થિત આનંદધામ નિવાસી સંસ્થાની ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી, શ્રીમતિ અંજનાબેન હકાણી, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તેમજ શિક્ષકશ્રી પારૂલબેન, શ્રી રેશ્માબેન તેમજ પેરેન્ટ્સ એસોસીએશનના શ્રી રીટાબેન વોરા, શ્રી ભાવનાબેન સોલંકીએ મુલાકાત લઈ ત્યાંની પ્રવૃત્તિઓથી માહિતગાર થયેલ.

આનંદધામ મંદબુધ્ધિ દિકરા-દિકરીઓને કાયમી કે ટૂંકા સમય માટે રહેવા સુંદર આવાસિય નિવાસી સંસ્થા છે. હોટલ જેવી સગવડો છે. મા-બાપની ચિંતા અને બોજો હળવો કરવાનો સ્તુત્ય પ્રયાસ છે. ફી લેવામાં આવે છે.






● **જાતિય વર્તન સમસ્યા અંગે માર્ગદર્શન શિબિર...**

શાળામાં તાલીમ મેળવતા મંદબુધ્ધિના બાળકોના વાલીઓ માટે તા. ૫, ૬ સપ્ટેમ્બર-૨૦૧૭ દરમ્યાન બે દિવસીય 'જાતિય વર્તન સમસ્યા' અંગે માર્ગદર્શન શિબિર યોજાયેલ.

**ભાઈઓ માટે.**

જેમાં તા.૦૫/૦૯/૨૦૧૭ના રોજ ભાઈઓ માટે સર.ટી. હોસ્પિટલ માનસિક રોગ વિભાગના વડા ડો. ભરતભાઈ પંચાલ (સાયકિયાટ્રીસ્ટ) તેમજ શ્રી ઋષીભાઈ દેસાઈએ મંદબુધ્ધિ બાળકોના જાતિય વર્તન સમસ્યા અંગે માર્ગદશન આપેલ.






**બહેનો માટે.**

તા.૦૬/૦૯/૨૦૧૭ના રોજ બહેનો માટે ડો. શ્રી કિંજલબેન તેમજ ડો. રાધિકાબેન મુખર્જી (સાયકિયાટ્રીસ્ટ) ઉપસ્થિત રહી મંદબુધ્ધિ બાળકોની જાતિય સમસ્યાઓ અંગે એકદમ સરળ અને રસપ્રદશૈલીમાં માહિતી પુરી પાડેલ. અને વાલીઓને મુંઝવતા પ્રશ્નો અંગે વાર્તાલાપ કરેલ.

આ બે દિવસીય શિબિરમાં બહોળી સંખ્યામાં વાલીઓ હાજર રહી શિબિરનો લાભ મેળવેલ. માનદ્ મંત્રીશ્રી (શિક્ષણ) ડી. જે. ધંધુકિયા સાહેબ, ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી તથા પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ એ. શાહ ઉપસ્થિત રહેલ.






● **ઓરિએન્ટેશન પ્રોગ્રામ...**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં શાળામાં નવા પ્રવેશ પામેલ બાળકોના વાલીઓ માટે દર વર્ષની જેમ તા.૧૫/૦૯/૨૦૧૭ના રોજ એક દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૨૦ વાલીઓ હાજર રહેલ.

પ્રોગ્રામની શરૂઆત વાલીઓ દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવેલ, ત્યારબાદ




